સાલ : ૧૧ / સિલસિલાવાર નંબર : ૧૧૫ / શુમારો : ૧ ફુલ પાના - ૧૨

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. મોર્હરમુલ હરામ-સફરૂલ મુઝફ્ફર ૧૪૩૫ / નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૩

# ઝમીને કરબોબલા

અલ્લાહતઆલાએ કાઅબાની મુકદ્દસ ઝમીનને પૈદા કીધી. પછી સરદારે મલાએકહ મૌ. જિબ્રઈલ અમીન (અ.સ.) ને હુકમ કીધો કે, તમેં આ ઝમીને પાકીઝાને સજદો કરો, કેમકે કોઈ નબી જહાન માંથી નહીં ગુઝરે જે આ ઝમીન પર મને યાદ કરવા નહીં આવે. આ સાંભલીને પોતાના મરતબાને જાણીને ઝમીને કાઅબા પોતાના નસીબા પર નાઝ કરવા લાગી, ઈતરાવવા લાગી. તે સમઝવા લાગી કે, પોતાનો વકાર-મરતબો ચરખે બરીં કરતા પણ અફઝલ થઈ ગયો. અલ્લાહતઆલાની હઝરતે સુબ્હાનીમાં અહેસાન અને શુક્રીયાહ અદા કરવા સજદા બસુજૂદ થઈ ગઈ. તે સોચવા લાગી કે અફલાક, સિતારાઓ, સૈયારાત મારી આ શરફનવાઝીથી મહેરૂમ રહેશે અને આ સાથે દુનિયાના તમામ બની નૌએ ઈન્સાની, ફરઝંદાને તૌહીદ મારી તરફ સજદો બજા લાવશે.

ઝમીને કાઅબા આ ખયાલમાં હતી કે, લબે કુદરતથી નિદા આવી કે, અય ઝમીને કાઅબા સબરથી કામ લે, તારા શરફ પર ફખર ન ખા. હજી તું મારી કુદરતથી વાકિફ જ કહાઁ છે! તુંને ખબર છે કે મેં બીજી એક ઝમીન પૈદા કીધી છે જે તારાથી તૌકીરો અઝમતમાં આઅલા અને અફઝલ છે. તો કાઅબાની ઝમીન લરઝામાં આવી ગઈ અને અરઝ કરવા લાગી કે, **અય માઅબૂદે કિબરિયા! કાઅબા તો તારૂં ઘર છે અને હું તેના નીચેની ઝમીન છું.** જે મિસિલ તું વહદહૂ લા શરીક છે અને તારો કોઈ સાની નથી, તો પછી મારા કરતા આઅલા શું કોઈ ઝમીન હોય શકે? જેના પર પૂરી દુનિયામાં તારૂં એકનું એક ઘર ઊભેલું હોય.

**અશરહ મુબારકહના અય્યામે આહોઝારીની ફુયૂઝાતે હુસૈનીયહ સાથે મુશ્ફેકીન કારેઈનને ૧૪૩૫ હિ. નું સાલે નૌ મુબારક થાય. હુઝૂરેપુરનૂર વાલિદુલ મુકેનીન (ત.ઉ.શ.), આ નવા સાલની ઈબ્તેદા સાથે મુમેનીન વાસ્તે ફલાહો બહેબૂદી અને રિઝકમાં કુશાદગીની દોઆએ ખાસ ફરમાવે છે.**

આ જ સબબ છે કે, હું મારી કિસ્મત પર નાઝ કરીને ઈતરાવું છું, ને આ બજા જ છે કે પૂરી ખલ્ક માંથી સેંકડો ફરઝંદાને ઈસ્લામ હર સાલ હજ્જે બયતુલ્લાહ વાસ્તે આવશે તો તેઓ મારા તરફ જ તવજ્જોહ થાશે અને ઈબાદતનું રૂખ મારા તરફ જ કરશે.

નિદાએ ખુદાવંદી આવી કે, અય અરઝે કાઅબા! તારી વાત સાચી છે. જે તરહ મારો કોઈ સાની નથી એમ મારો એક ખાસુલ ખાસ બંદો છે જેનો પણ કોઈ હમશાન નથી. આ મારો બંદએ મુખ્લિસ મારા દીને ઈસ્લામને બચાવવા વાસ્તે મારી ખુશનૂદી પર પોતાનો જાનો માલ, અહલો અકરૂબા સઘલું જ કુરબાન કરી નાંખશે. મારા રસૂલનો આ તે લાડલો ફરઝંદ છે કે, જે બખ્શિશે ઉમ્મત વાસ્તે પોતાનો વાઅદએ તિફલી તહે દિલથી નિભાવશે.

**"નામ ઉસકા હૈં શબ્બીર વલી ઈબ્ને વલી હૈં,**
**મૈં એક હૂં ઔર એક હુસૈન ઈબ્ને અલી હૈં."**

અય અરઝે કાઅબા, જો સઘલા મુસલમાન તારી તરફ સજદા બસુજૂદ થાશે પણ એના દિલમાં આ મારા ખાસુલ ખાસ બંદા હુસૈનના દરજા અને શહાદતની માઅરેફત નહીં હોય, વલાયતો મહબ્બત નહીં હોય તો એવા હઝાર સજદા પણ મારી બારગાહમાં કુબૂલ નહીં થાય.

મારા રસૂલ મોહંમદ (સ.અ.વ.વ.) ના પ્યારા નવાસા હુસૈન (અ.સ.) યૌમે આશૂરા, હંગામે અસ્ર, બહાલતે

(બકીયાહ પેજ નં. ૨ પર)

**ઈમાનની આઠ હકીકતોં માંથી છે કે, તમેં હર જગા હક્ક કહો ભલેને તે સાંભલનારને કાંટા જેમ ચુભે.**

(પેજ નં. ૧ નું બાકી)

સજદા, મારી ઈબાદતમાં જ શહીદ થાશે અને મારા દીનને યૌમે કેયામત તક ઝિંદગી બખશશે. જે ઝમીન પર હુસૈન (અ.સ.) શહીદ થાશે તે ઝમીનનું નામ અરઝે કરબોબલા છે. **અય ઝમીને કાઅબા! તું તો ફક્ત એક ઝમીન છે અને તારી અઝમત વાસ્તે તુંને મારા વલીની ઝરૂરત પૈશ આવશે.** પણ યાદ રાખ કે મારા વલી, મારા હુસૈન તો ખુદ દીનના કાઅબા છે, કાઅબએ ઈમાઁ અને કિશ્તીએ અમાઁ છે. અય ઝમીને કાઅબા, ભલે તારા નઝદીક કોઈ શખ્સ ગમે તેટલી ઈબાદતો કરે પણ મારા હુસૈન (અ.સ.) તો હિદાયત, નજાત અને યકીનના સરચશ્મા છે અને આ ત્રણે ચીઝો ઈબાદત સાથે એ મુજબ જોડાયેલી છે કે જે તરહ જાનનો જિસ્મ સાથે રિશ્તો હોય છે. આ કરબોબલાની કદ્ર તું શું સમઝી શકે? આ કરબોબલાની ઝમીનને મૌ. ફાતેમા ખૈરો નિસાઈલ આલમીન (અ.સ.) પોતાના મુબારક બાલોંથી સાફ કરશે. કાંટા અને પત્થરોંને હટાવશે જેથી પોતાના નાઝોંના પલા હુસૈનને ઈઝા ન પહોંચે. એની ખાક, હુસૈન (અ.સ.) ની શહાદતની બરકતના સબબ ખાકે શિફા બની જાશે. હરએક બીમારને તેનાથી શિફા હાસિલ થાશે. હર નમાઝી પોતાના મસલ્લામાં ખાકે શિફાથી બનેલી તસ્બીહ રાખશે જેના હર દાના પર અલ્લાહતઆલાના નામ લખાશે. **અય ઝમીને કાઅબા! તારી ખાક પણ પાક જ છે મગર તે ખાકે શિફા નથી.** હું મીઆદ આપું છું કે, અગર મરનાર મુમિનના કફનમાં ખાકે શિફા મુકવામાં આવશે તો હું એ મરહૂમ પર કબરના અઝાબને રોકી દઈશ.

આ સાંભલીને ઝમીને કાઅબા કહેવા લાગી કે, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ! અય માઅબૂદે પાક, હું તારા પર કુરબાન અને તારા ખાસુલ ખાસ બંદા હુસૈન (અ.સ.) પર પણ હઝાર જાનથી કુરબાન. હું તારી ઔર ઝર્રાનવાઝીની મુશ્તાક છું. મારી અરઝ છે કે, હું તે મુકદ્દસ ઝમીને કરબોબલા પર આવેલી મરકદે શબ્બીરના દીદારનો શરફ હાસિલ કરૂં. અલ્લાહતઆલાએ તેની ઈલ્તેજાને કુબૂલ ફરમાવી અને બકુદરતે ઈલાહી ઝમીને કાઅબાને કરબોબલાની બંજર અને તપતી ઝમીન પર મકતલે હુસૈન (અ.સ.) નો ગમગીન નઝારો પૈશ આવો. ઝમીન પર બેગૌરો કફન શોહદાએ અહલે બૈત (અ.સ.) ના પામાલ થયેલા ખૂનઆલૂદ લાશાઓ પડેલા છે. કોઈ લાશો હાથ બગૈરનો છે, કોઈનું કલેજું બહાર નિકલેલું છે, કોઈનો સીનો તીરોંથી છલની છે, તો કોઈ સર બગૈરના છે. પછી તે લાશો નઝર આવો જેના પર ઝિયાદહથી ઝિયાદહ તીરોં લાગેલા હતા, ઝખ્મોં હતા અને તેની રોશની ઝમીનો આસમાનમાં ફેલાયેલી હતી. ઝમીને કાઅબાએ પૂછ્યું કે, આ કોના લાશા છે? નિદા આવી કે, આ લાશા મઝલૂમે કરબોબલા, સૈયેદુશ્શોહદા હુસૈન (અ.સ.) ના લાશા છે. આ નઝારો જોઈને ઝમીને કાઅબા ઘણી આહોઝારી કરવા લાગી, ઈમામ હુસૈન (અ.સ.) ની હક્કાનીયત અને મઝલૂમીયત પર રોવા લાગી. કહેવા લાગી કે, **કાશ! મને સજદો કરનાર લોગો હુસૈનના આખિરી સજદાને સમઝી શકા હોત!** એવામાં જિબ્રઈલ અમીને નિદા આપી કે, અય ઝમીન! હવે તો તું મુત્મઈન થઈને કે તારો ફઝલો શરફ ઝમીને કરબોબલાના સબબ છે અને તુંને યકીન થયુંને કે, હુસૈન (અ.સ.) ની શહાદતના સબબ જ તારી ઝમીનની અઝમત બરકરાર છે.

**"યે દેખ મકાં ઔર યે મકીં જલ્વાનુમા હૈં,**
**યે કરબોબલા હે વો શહે કરબોબલા હૈં."** ✫

---

(પેજ નં. ૫ નું બાકી)

કાતિલો, લઈનોં જેવા ઝાલિમોંના કાલા કરતૂતોંના અંજામ કહાઁ થાશે? તે મરદૂદોંને કયા દોઝખમાં બાલવામાં આવશે! માઁ ફાતેમા ઝહરા (અ.સ.) ની દાદ-ફરિયાદનો અલ્લાહ કઈ તરહ ફેસલો કરશે! આ સાંભલી નબી સાહબે "અફ્વ" ની પુકાર બંધ કરી દીધી અને લાડલા હુસૈન પણ સવારીએ રસૂલની ગશ્ત કરીને ઊતરી ગયા. આ હતો મેઅરાજે હુસૈનીનો પુર ઈબ્રત કિસ્સો.

તો મુમેનીન, એવા જન્નતના જવાનોંના સરદાર મૌ. હુસૈન (અ.સ.) જે રબ્બુલ ઈઝઝત ખુદાના ગોશવારા હતા, તખ્તે ઈઝઝો શરફના મુકીમ હતા, રબ્બે રહીમના ખાસ મહેબૂબ હતા, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના જાનો રૂહ હતા, એવા હમારા હુસૈન શાફએ મહેશરને લાખો લાખો સલામ.....

**"મસ્હફ હૈં ગર રસૂલ, હમાઈલ હુસૈન હૈં."** ✫

**હક્ક કહેનાર કોઈ વક્ત કોઈની ખુશામદ કે ચાપલુસી કરતા નથી.**

## તીસરા દાઈએ મુત્લક : સૈ.વ.મૌ. હાતિમ બિન સૈ.ઈબ્રાહીમ અલ-હામેદી (ક.રૂ.)

**ઉર્સ મુબારક : ૧૬ મોહર્રમ**

### કસીદહ મુનીરહ

દેખું આખોં સે તેરા રોઝએ આલી હાતિમ,
ચુમલું મૈં ભી તેરે રોઝે કી જાલી હાતિમ.
દાઅવતે હક્ક કે લીયે આપને કી જદ્દો જેહદ,
હે દોઆતો મેં તેરી શાન નિરાલી હાતિમ.
આપકે ફૈઝ કા દરિયા હે ઝમાને મેં રવાઁ,
ન ગયા દર સે તુમ્હારે કોઈ ખાલી હાતિમ.
કી દોઆ આપને જિસ શખ્સને બાસિદકો વફા,
ઉસને બિગડી હુઈ તકદીર બનાલી હાતિમ.
બખુદા જૂદો સખા મેં નહીં તેરા સાની,
બન ગયા જિસપે નઝર લુત્ફ કી ડાલી હાતિમ.
સિતમે ગરદિશે દૌરાં સે પરેશાઁ હે બહુત,
આપને નઝરે કરમ હમ પે ન ડાલી હાતિમ.
હમકો રોઝે પે બુલા લીજીયે હો બેહરે કરમ,
મુમિનીં આયે હૈં સબ બનકે સવાલી હાતિમ.
બંદએ આઅલઓ અદના પે હો બસ નઝરે કરમ,
આપકે દર સે ના જાયેંગે હમ ખાલી હાતિમ.
અર્શે દાઅવત પે જો તૈયેબ ઝિયા મૌલા આયે,
આ ગઈ ગુલશને દાઅવત મેં બહાલી હાતિમ.
રોશની ચશ્મ કો ઔર કલ્બ કો મિલતા હે સુરૂર,
હે અજબ જલ્વએ તૈયેબ ભી હિલાલી હાતિમ.
શેહ કે હમનામ ઔર આશિક હે હમારે માઝૂં,
હે મુશર્રફ તેરે રોઝે સે યે હાતિમ, હાતિમ. ☆

## ૩૪ માં દાઈએ મુત્લક : સૈ.વ.મૌ. શેહાબુદ્દીન જલાલ બિન નૂહજી સાહબ (આ.કુ.)

**ઉર્સ મુબારક : ૧૪ સફર**

### લાખોં સલામ તુમ પર

અય શેહાબુદ્દીન સરવર, લાખોં સલામ તુમ પર,
અય નૂહજી કે દિલબર, લાખોં સલામ તુમ પર.
મોઅજિઝનુમા હો મૌલા, ક્યા શાન હે તુમ્હારી,
વાબિસ્તા સબ ઉમ્મીદેં, હે આપ સે હમારી,
નઝરે કરમ હો હમ પર, લાખોં સલામ તુમ પર.
શમ્સુદ્દોઆત હો તુમ, ખૈરૂલ હોદાત હો તુમ,
રાહે નજાત હો તુમ, નૂરની ઝાત હો તુમ,
દાઈએ રબ્બે અકબર, લાખોં સલામ તુમ પર.
આતે હૈં બેહરે ઝિયારત, તુરબત પે તેરી મૌલા,
રોતે હૈં મુમિનીં સબ, ફુરકત મેં તેરી મૌલા,
ફુલોં કી લે કે ચાદર, લાખોં સલામ તુમ પર.
કરતે હૈં અરઝ મૌલા, સર કો ઝુકાકે દર પર,
હે આજ ઉર્સ કી શબ, દેતે હૈં ફાતેહા સબ,
ચમકા દો અબ મુકદ્દર, લાખોં સલામ તુમ પર.
ફરયાદ હૈં લબોં પર, ઔર અશ્ક બેહ રહે હૈં,
હમ તુમકો દો અલી કા, વાસ્તા દે રહે હૈં,
બિગડી બનાદો આકર, લાખોં સલામ તુમ પર.
મુશ્કિલ મેં ગર પુકારા, તુમકો કિસીને આકા,
દિલને સુરૂર પાયા, આખોં ને નૂર પાયા,
તુરબત પે સર કો રખકર, લાખોં સલામ તુમ પર.
દાઅવત કી તુમને કિશ્તી, તૂફાન સે બચાઈ,
કી દુશ્મનાને દીં કી, કિસ શાન સે સફાઈ,
સબ મુશ્કિલાતેં સેહ કર, લાખોં સલામ તુમ પર.
જો આયા શેહ કે દર પર, ફાઈઝ ફિરા મુકર્રર,
તુમ હો મુજીબ મઝહર, જિન્નો બશર મેં અશહર,
જિનકા હે ફઝ્લ બરતર, લાખોં સલામ તુમ પર.
અય શેહાબુદ્દીન સરવર, લાખોં સલામ તુમ પર.☆

(પેજ નં. ૬ નું બાકી)

અલીવાલાઓ જે આકિલોં છે તેઓ વાસ્તે પણ છે અને તેઓ આ કલામે નબવી પર ચાલનાર છે, નૈકી કરીને બુરાઈને દૂર કરનારાઓ છે. આ સિફતના આકિલ લોગો જ બીજાની શફાઅત કરી શકે છે. તેઓ સાલેહીન માંથી છે અને અલ્લાહતઆલા તેમને એવી ફઝીલત અતા કરશે કે તેઓ પોતાના નૈક ઘરવાલાઓ, બૈરાઓ અને ઔલાદને સાથે લઈને જન્નતમાં તશરીફ લઈ જાશે.

**"અક્લ હે અવ્વલ અઝીઝોં ખિલ્કતે ઈન્સાન મેં,**
**ફર્ક ક્યા ઈસકે સિવા ઈન્સાન ઔર હયવાન મેં."☆**

**આ ખલ્કમાં હક્કની ઝિમ્મેદારી નબી અને આપની નસ્સના સાહબ જ ઉઠાવી શકશે.**

## લફઝી કશ-મ-કશ

**ઉભી તરકીબ :**

૧) _____ કરતા પહેલા સો વાર વિચાર કરો. (૨)

૨) દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની દસ્તબોસી અને ____ બોસી કરવી હર મુમિન પર વાજિબ છે. (૩)

૩) ઈન્સાન પારણાથી લઈને _____ તક ઈલ્મને હાસિલ કરતો રહે છે. (૩)

૭) દાઈની હઝરતે આલીયહ, મુમેનીન વાસ્તે શિફાનું _____ છે, જ્યાં રૂહાની ઈલાજ વાસ્તે દવાની મિસિલ દોઆ કામ લાગે છે. (૨)

**આડી તરકીબ :**

૨) હક્કની જમાઅત વાસ્તે જે દાઈ ઝુલ્મના સબબ _____ થાય છે, તેની આલ-ઔલાદમાં અલ્લાહ હુકૂમત અતા કરે છે. (૩)

૪) કોઈ તારા સાથે બદી કરે તો તું તેના જેવો _____ ન થઈશ. (૨)

૫) _____ હમેશા કડવો હોય છે. (૨)

૬) યારી, નુસ્રત. (૩)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**૦ સહીહ જવાબ આપનાર :** મોહંમદઅલી કાચવાલા.

**૦ અલ-હાજ્જ અબ્બાસભાઇ અલીભાઇ દારૂવાલા** તરફથી આ કોલમ વાસ્તે હદીયો ઈનાયત કરવામાં આવે છે.

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | હિ | | |
| | ઈ | રા | ક | |
| મા | મા | X | રા | હ |
| | મ | ઝા | ર | |
| | | રી | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર સફરૂલ મુઝફ્ફર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેને એક યાદગાર તોહફાથી નવાઝવામાં આવશે. ✯

---

## સોચશો, તો કઈ કરશો

આ કોશિશને માતહત હર શુમારામાં ૧૦ અલ્ફાઝ આપવામાં આવેલા છે. આ તમામનો બહેતરીન તરીકાથી અને સાચી સમઝથી ઈસ્તેમાલ કરી તેનો એક નાનો ફકરો (પેરાગ્રાફ) બનાવવાનો છે, જેમાં ત્રણ વાક્યો (જુમ્લાઓ) કરતા વધારે વાક્યો ન હોય. કારેઈન પોતાનું ઈલ્મ અને અકલની હુશિયારીને મીઝાનમાં મૂકીને હમને ઝાતી તૌર પર, યા પોસ્ટમાં યા email પર પોતાનું લખાણ સાફ તૌર પર, નામ, એડ્રેસ અને ફોન નંબર સાથે ઝુલ હિજ્જહની ૧૦ તારીખ પહેલા મોકલી આપે. જેના જુમ્લા માઅનામાં પુખ્તા અને દિલચસ્પ હશે તેને ઈન્આમથી નવાઝવામાં આવશે અને જુમ્લાઓને આવતા શુમારામાં શાયેઅ કરવામાં આવશે.

**૧૦ અલ્ફાઝ :** ૧) ખંભાત, ૨) સુકો કૂવો, ૩) મૌલાઈ અબ્દુલ્લાહ, ૪) ભાલો, ૫) ઈમાન, ૬) સાચું દીન, ૭) કાકા અકેલા-કાકી અકેલા, ૮) પાની, ૯)મીસાક, ૧૦) ઈમામ મુસ્તન્સિર બિલ્લાહ (અ.સ.).

**૦ ગયા શુમારાનો ખુલાસો :**

હિ.૧૧૧૦ માં, સરવરે કાએનાત (સ.અ.વ.વ.) ની હિજરતને તાઝા કરીને, સૈ.ઝિયાઉદ્દીન સાહબ (ક.રૂ.) અહમદાબાદ છોડીને ઘણી મહેનત બાદ કિતાબોની હિફાઝત સાથે પધારીને વડોદરા શહેરને કરારગાહ બનાવું. શીઆ મહેમૂદે આપની દીનદારી અને નૂરાનીયતના સબબ પોતાની મહેમૂદવાડી આપને હદીયો કીધી. આપે આ મુકદ્દસ જગા માં જ મસ્જિદ-મોહલ્લો આબાદ કીધો જે સવા ત્રણસો સાલ બાદ પણ દોઆતો (આ.કુ.) ની બરકાતથી આબાદ-શાદ છે.

**૦ સહીહ જવાબ આપનાર :** હદસાહેબ અહમદઅલી સૈ.યૂસુફ નૂરૂદ્દીન સાહબ.

**૦ અલ-હાજ્જ શમસુદ્દીન અમીરૂદ્દીન નડીયાદવાલા** તરફથી આ કોલમ વાસ્તે હદીયો ઈનાયત કરવામાં આવે છે. ✯

**હર ઝમાનમાં દાઅવતુલ હક્કને ખિલાફ દુશ્મનો થાતા રહેશે અને પોતાને શયતાનના શિકાર બનાવતા રહેશે.**

# મેઅરાજે હુસૈન (અ.સ.)

હમેં દાઅવતે ફાતેમીયહ, ઈમામતે હુસૈનીયહ અને સફીનતે તૈયેબીયહ પર અકીદો રાખનાર મુમેનીન છીએ. હમેં ખમ્સતુલ અત્હાર (અ.સ.) અને આપના દિલદાદા શહીદે કરીમ સૈ. અલી સાહબ (આ.કુ.) ના ગુલામોંના ગુલામ છીએ, જાઁનિસારોંના જાઁનિસાર છીએ. હમેં રસૂલે મકબૂલ (સ.અ.વ.વ.) ની મેઅરાજથી તો વાકિફે કાર છીએ, પણ હમારા માંથી ઘણા કમ મેઅરાજે હુસૈન (અ.સ.) થી વાકિફ હશે. મૌલાના ઈમામ હુસૈન (અ.સ.), રસૂલેખુદાને બેહદ-બેહદ પ્યારા, મૌ. અલીની આઁખોના તારા, માઁ ફાતેમા ઝહેરાના રાજદુલારા, હસને મુજતબાની હિમ્મત અને સહારા, **જન્નતના જવાનોંના અને શોહદાએ ઈમાનના સરદાર હતા.** આપ નબી સાહબ, નાનાજી હોવાના રિશ્તાથી નવાસા હુસૈન (અ.સ.) ના નાઝ-નખરાં બેતકલ્લુફ ખુશી-બ-ખુશી ઉઠાવતા હતા. આપ ઈલ્મુલ અવ્વલીના વલ આખેરીનના સાહબ હતા, હુસૈન પર જે ગુઝરનાર હતું અને કરબલામાં જે હાલાત પૈશ થાનાર હતા તે સઘલો વાકેઓ જાણતા હતા. આપને ખબર હતી કે, આ મારા નવાસા હુસૈન (અ.સ.) યઝીદીયત-શૈતાનીયતને મિટાવવા બહુકમે ઈલાહી હક્કને ફતેહયાબ કરવા પોતાના જાન-માલ-અહલો અયાલ-ઘર-બારને કુરબાન કરશે. પોતે બીજા શોહદા સાથે ભૂખા અને પ્યાસા શહીદ થઈ જાશે અને નાનાજીના દીને હક્કને તાઅબદ ઝિંદા રાખવાનો સરંજામ કરી જાશે. એટલે જ તો નબી સાહબે ફરમાવું કે,

**"હુસૈનુમ મિન્ની વઅના મિનલ હુસૈન"**

હુસૈન (અ.સ.) મારાથી છે અને હું હુસૈન (અ.સ.) થી છું.

યાઅની મારી નુબૂવતનું ફલ ઈમામત છે, હુસૈન છે અને હુસૈને ઈમામતના મનસબ પર રહીને શહાદતનું જામ પીધું તેનું ફલ શરીઅત છે યાઅની ખુદ હું છું.

બચપણામાં મૌ. ઈમામ હુસૈન (અ.સ.) એ નાનાજી નબી સાહબથી ફરમાઈશ કીધી કે, અય નાનાજી! આ મદીના ભરના કુરૈશના બચ્ચાંઓ ઊંટ પર સવાર થઈને ગશ્ત કરે છે, ફિરવા જાય છે અને ખુબ મઝા ઉઠાવે છે. એ તમામને જોઈને આપના આ હુસૈનને અહેસાસે કમતરી થાય છે, તો આપ આ નાચીઝની ઊંટ પર સવારી કરવાની ઉમ્મીદ બર લાવીએ. પ્યારા નવાસાની ફરમાઈશ પર નબી સાહબ સોચમાં પડી ગયા અને બીજી જ ઘડીએ પોતે પોતાના હાથને ઝમીન પર મુકીને પીઠ સીધી કરીને ઊંટની સવારી જેમ બની ગયા. કહ્યું કે, અય મારા દીકરા! જલ્દીથી મારા પુશ્ત પર સવાર થઈ જાવ અને ઊંટની સવારી જેમ લઝઝત ઉઠાવો. હુસૈન પુશ્તે નબવી પર સવાર થઈ ગયા અને નબી સાહબે આપના ઝુલ્ફ મુબારક હુસૈનના હાથમાં આપીને ફરમાવું કે, **લો આ પકડી લો, આ તમારા ઊંટની લુગામ છે.** હુસૈન જાણે હકીકતમાં ઊંટની સવારી જેમ પુશ્તે નબવી પર લઝઝત ઉઠાવવા લાગા અને નબી સાહબને બાલની લુગામ ખેંચીને દોડાવવા લાગા.

પછી નાનાજીથી હુસૈન કહેવા લાગા કે, અય નાનાજી! જે વક્ત ઊંટ દોડે છે તો તેના મૂઁહ માંથી આવાઝ નિકાલે છે. તો આપ પણ એવો આવાઝ નિકાલો. નબી સાહબ ફૌરન "અફવ, અફવ, અફવ" કરીને ઊંટ જેવો આવાઝ નિકાલવા લાગા. વાહ! હુસૈન શું આપનો ઈકબાલ છે. વાહ! શાયરે ખૂબ ફરમાવું છે કે,

**"મેઅરાજે અર્શ હિસ્સે મેં નાના કે આઈ હે,**
**તુંને નબી કી દોશ પે મેઅરાજ પાઈ હે."**

મગર, અય મુમેનીન! રસૂલે ખુદા (સ.અ.વ.વ.) ની "અફવ, અફવ, અફવ" યાઅની હું મુઆફીનો તલબગાર છું, ની સદા સાંભલીને જહન્નમોં ખામોશ થઈ ગઈ, સઘલી આગ બુઝાઈ ગઈ, જાણે સઘલાના સગીરહ-કબીરહ ગુનાહ બખ્શાઈ ગયા હોય. જિબ્રઈલ (અ.સ.) ફરમાને ઈલાહી લઈને નાઝિલ થયા અને ફરમાવું કે, યા રસૂલુલ્લાહ! આપ આ શું કરી રહ્યા છો? આપનો હરએક સખુન બારગાહે ઐઝિદીમાં મકબૂલો માઅરૂફ છે. આપની આ "અફવ" ની સદાથી રહેમતે ઈલાહીના દરિયામાં તલાતુમ આવી ગયો અને સાતે જહન્નમ જાણે બુઝાઈ ચુકી છે. **જો આપ આ સદા બંધ નહીં કરો તો જહન્નમ પાછી શોઅલાઝન થાશે નહીં.** તો પછી આપના નવાસા જે આપની પુશ્ત પર છે, તે ઈમામ હુસૈન અને અન્સારે હુસૈન (અ.સ.) ના

(બકીયાહ પેજ નં. ૨ પર)

**હક્ક, બયઅત અને સબર, મૌલાના અલી (અ.સ.) ના શજરતે મુબારકહના મઝબૂત ડાલાઓ છે.**

## સલવાત – શહાદત

૧૪ માં ફાતેમી સરતાજ, હુસૈન સિરાજ મૌ. મોઈઝ લેદીનિલ્લાહ (અ.સ.) ના બાબુલ અબ્વાબ મૌ. જાઅફર ઈબ્ને મન્સૂરિલ યમન (રિ.અ.) ફરમાવે છે કે, જુમ્આના દિન અને રાત બન્ને વક્ત ફરિશ્તાઓ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની કબરે મુબારકના રાસ મુબારકના નઝદીક સોનાની કલમથી ચાંદીના કાગઝ પર સલવાત લખતા હોય છે. આ હંગામમાં જે મુમેનીન ઝમીનની કોઈ પણ જગા પર આપ અને આપની આલ પર સલવાત પઢતા હોય તેની ફહેરિસ્ત તૈયાર કરતા હોય છે. સલવાત તે શહાદત જ છે. **શહાદત તે જન્નતનો પરવાનો છે.** શહાદતમાં દૌરૂસ્સતરના મૌ. આદમથી લઈને હાલીયહ ઝમાનાના કુલ દોઆતની તાબેઅદારી આવી જાય છે, તમામ ઝાહિરી-બાતિની ચીઝો પર ઈમાન રાખવું આવી જાય છે. ઈમામ જો સતરમાં હોય તો એમની જગા પર દાઈનું હોવું વાજિબ છે, એમ માનવું શહાદતનો હિસ્સો છે. ઈમામ વાજેબુલ વુજૂદ છે, મૌઝેઉલ સુજૂદ છે.

ફરિશ્તા સિફ્ત દોઆતને ફરમાન થયું કે, લોગો જે શહાદત દે છે, સલવાત પઢે છે તે કુબૂલ કરી લો, યાઅની તમેં તેના શાહિદ બની જાવ. લેહાઝા, આ તમામ દોઆત શહીદ છે. શહાદત કયા કાનૂનથી અદા થાય કે, તેને આપનારને સામે કોઈ લેનાર હોય. આમ લોગો માંથી કોઈ લેનાર ન બની શકે પણ **આ શહાદત તો દુનિયાની હર નેઅમત કરતા ભારી છે,** તો અલ્લાહતઆલા તરફથી ખાસ થયેલા દોઆત જ શહાદતને લઈ શકે. જે શહાદત લે તેના વાસ્તે જ સલવાત પઢાય છે. સલવાતની માઅના વસલ - એક દરજાને બીજા દરજા સાથે જોડાણ કરવાની છે. નબી આપના બાદ વસી સાથે વસલ કરે છે, એમ જ વસી એમના ઈમામ સાથે અને ઈમામ એમના દાઈ સાથે વસલ કરે છે. આ રૂહાની જોડાણથી જ શરીઅત બાકી રહી શકી છે. યૌમુલ જુમ્આ શહાદત દે છે કે, દૌરે મોહંમદી આખરી દૌર છે અને તેની સલવાતમાં તમામ અંબિયાની ઝિક્ર છે. આ દૌરના ઈમામોનો ઈકરાર જ ઐન શહાદત છે. જે શખ્સ દુનિયામાં આ તરહની **મુકમ્મલ શહાદત** દેશે તો યૌમુલ કેયામહ દોઆતે હક્ક એના વાસ્તે શફાઅત કરશે અને એના પર સલવાતો સલામ પઢશે. ✯

## અકલમંદ


અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **"ઈન્નમા યતઝક્કરો ઊલુલ અલ્બાબ, અક્લવાલાઓ જ શિખામણ લે છે."** પાઁચમાં ફાતેમી ઈમામ મૌલાના જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ આપના કેટલાક શીઆઓને ફરમાવ્યું કે, તમેં તે અકલમંદોં છો કે જેઓના વાસ્તે તમારા રબે ખૂબ આઅલા દરજાની તાઅરીફ કીધેલી છે. અક્લવાલાની તાઅરીફમાં ઈરશાદે રબ્બાની છે કે, તેઓ અલ્લાહ અને તેના વલીને અહદ-મીસાક આપા બાદ તેને કોઈ વક્ત તોડતા નથી પણ હર હાલમાં વફા કરે છે, નિભાવે છે. તેઓ એવા છે કે, અલ્લાહ જે ચીઝને મિલાવી રાખવાનો હુકમ કરે છે, ઈતાઅત કરવાનું ફરમાન કરે છે જે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની નસ્સથી કાઈમ થયેલી દાઅવતુલ હક્કના દોઆતુલ હક્કની વલાયત તરફ ઈશારો કરે છે, તે હુકમે ઈલાહીને ખિલાફ જાતા નથી, પણ સખ્તી યા નરમીમાં અલ્લાહના અમરની રસ્સીને પકડી રાખે છે. તેઓ એવા છે કે હર વક્ત ખૈર અમલ વાસ્તે સોચતા રહે છે, કોશિશ કરા કરે છે અને જો કોઈ ગલતી થઈ જાય છે તો અલ્લાહના અઝાબથી ડરતા રહે છે. તેઓ એવા છે કે આ દુનિયામાં હર ઈમ્તેહાન વાસ્તે તૈયાર રહે છે, હર તકલીફને અલ્લાહના સવાબને કમાવવા વાસ્તે બરદાશ્ત કરે છે, લેવજહિલ્લાહ સબર કરે છે. તેઓ નમાઝમાં બિલકુલ કુસૂર કરતા નથી પણ પોતાના જાન વાસ્તે નમાઝને ખૂબ અઝીઝ માને છે. તેઓ એમ અકીદો રાખે છે કે, જે કંઈ તેઓના પાસે છે તે અલ્લાહતઆલાએ ઈનાયત ફરમાવું છે, નહીં તો બંદાની શું કુદરત કે પોતે રોઝી કમાઈ શકે! લેહાઝા, તેઓ રાહે લિલ્લાહ ખર્ચ કરવામાં બખીલી કરતા નથી.

**"વ યદરઊના બિલ હસનતિસ સૈયેઅતે"**, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપના વસીએ અઝીમ મૌલાના અલી (અ.સ.) ને આ આયત વાસ્તે ફરમાવે છે કે, "અય અલી! તમારાથી કોઈ બદી થઈ જાય તો તેના સાથે નૈકી કરી લેજો, જેથી તે નૈકી તમારી બદીને મિટાવી દે. અય અલી! ખૈરના કામો કરતા રહેજો જેથી તમેં બુરી હાલતોંથી બચતા રહો." આ નસીહત

(બકીયાહ પેજ નં. ૩૫૨)

**હક્કવાલાઓ વાસ્તે દુનિયામાં ખૂબ કઠિન ઈમ્તેહાન લેવામાં આવશે.**

## Shining Star



Brother **Finhaasali Mulla Husainali Chinwala** was awarded as 'Best Faculty' among the staff of about 110 faculties in the Sigma Institute of Engineering on 5/9/2013 when Teacher's day celebrations were held. They have considered factors like teaching, experience, student's review, explanation, regularity, sincerity etc.

**His message:** Engineering is a vast field and mumineen should encourage their children to opt for this as today Engineers are required at every level of any industrial setup and development. Education in engineering makes up a mind for practicality, spontaneity, tendency of problem solving and facing untimely challenges.

## -::: તિજારત :::-





Mohsin S. Surti
M.: 9825552151
Ph.: 0265-2521569

**M.M. GLASS**

All Kind of Glass Merchants
Specialist in :
Alluminum Doors-Windows
Partition Works.

G-1, Shalimar Flats,
Nr. Telephone Exchange,
Water Tank, Ajwa Road,
Vadodara.


**And the partisans of Ali (a.s.) are victorious.**

## -::: તિજારત :::-


સોફીયા જે. વ્હોરા

**સોફીઝ ક્રીએશન**

ડીઝાઇનર સલવાર કમીઝ,
સાડી, રીદા, ડ્રેસ મટીરીયલ્સ
અને શાદીની જોડીઓ બનાવનાર

**સરનામું :** લાઈફ લાઈન ક્લીનીક, ૨૭૦ - રામપાર્ક,
આશીયાના એપાર્ટમેન્ટ પાછળ, આજવા રોડ, વડોદરા-૧૯.

**સંપર્ક કરો : ૯૯૯૮૪૧૩૫૫૬**
(સોમવાર થી શુક્રવાર ફક્ત એપોઇન્ટમેન્ટ દ્વારા)

.......Changing "**DESI TREAT**" with a New Name.....

**Cafe Royal**
House Of Quality Food

MUGHLAI * CHINESE * PUNJABI FOOD
**Tandoori Roti is our Speciality**

GF-6, Sai Vihar Apartment, Opp. Emperor Complex,
Fatehgunj Main Road, Vadodara - 02.

**Kasim / Mazhar / Jabirbhai - +91-9016801117**

**અમરીન કલેક્શન**

**રીદા, ફેન્સી ડ્રેસ મટીરીચલ,
ટી-શર્ટ, ઇજાર, વગેરે મળશે.**

દુકાન નં.૮, તાજ કોમ્પ્લેક્ષ, આજવા રોડ, વડોદરા-૧૯.

**મોબાઇલ નં : ૯૭૨૫૯૫૦૦૮૬**


**આપ ઈમામે આપના ચંદ અસ્હાબને વસીયત કરતા ફરમાવું કે, " જો અગર તમેં ખરેખર અમારા શીઆ હોવ તો અલ્લાહથી ડરો, તમારા સાથીદારો સાથે હુસ્ને મુઆમેલાત રાખો, તમારા પડોશીઓ સાથે નૈક સુલૂકથી પૈશ આવો, જેની અમાનતો તમારે પાસે છે એને તમેં સોંપી દો અને લોગોને " કુક્કર " કહીને ગાલી ગલોચ ન કરો ".**

**ઈમાનદારોં વાસ્તે હક્કને સમઝવું અને માનવું એટલું જ આસાન છે કે, જેમ એક બચ્ચું પોતાની માઁ નો અહેસાસ કરે છે.**

## દરસે લેસાને દાઅવત

### بكّاؤون۔ گھنا روناراؤ

پانچ صاحبو بكّاؤون۔ گھنا آه و زاري كرنار، رونار، اٰنسو نے جاري كرنار تھيا چھے۔ ته صاحبو ماں سي پھلا مولانا آدم صفي اللّٰہؑ چھے، جه نو بيت الحزن۔ رووانو مقام انے الله سي رحمة طلب كرواني جگه، مكة المكرمة چھے۔ بيجا مولانا يعقوب بن مولانا إسحاقؑ چھے، جه نو بيت الحزن رملة چھے۔ تيجا مولانا يوسف بن مولانا يعقوبؑ چھے، جه نو بيت الحزن مصر نو قيد خانو چھے۔ چوتھا سيدة نسآء العالمين مولاتنا فاطمة الزهراءؑ چھے، جه نو بيت الحزن قبر رسول الله ﷺ نے قريب مدينة المنورة ماں چھے۔ پانچما رونار تيجا إمام فاطمي سيد الراكعين و الساجدين مولانا علي زين العابدينؑ چھے، جه نو بيت الحزن بيت الحسينؑ يعني مولانا إمام حسينؑ ني ديھوڑي مبارك مدينة المنورة ماں چھے۔

مولانا يعقوب اٰپنا لختِ جگر مولانا يوسف ني جُدائي ماں ته حد تک رويا كه، اٰپني بيوے آنكھو سفيد تھئي گئي۔ مولانا إمام جعفر الصادقؑ فرماوے چھے كه، جه وقت مولانا يوسف نا بھائي بنيامين سي پن مولانا يعقوب ني فراقي تھئي ته وقت اٰپ يه دعآء كيدي كه، اے مھارا پروردگار! سوں تو مھارا اوپر رحمة نھيں كرے، يھاں تک كه تو يه مھاري بيوے آنكھو پن لئي ليدي! اے مھارا خدا، حد تو ته چھے كه مھارا بے نورِ چشم، بے دكرا نے پن مھارا سي دور كري ديدا۔ ته وقت خدا تعالىٰ يه وحي كيدی كه، 'اے يعقوب، اگر يه بيوے نے ماري پن ناكھا ھسے تو پن ھوں اھنے زنده كريس انے تمھارا سي ملاوي اٰپس۔ پن ته بكرا نے ياد كرو كه جھنے تميں ذبح كرينے بھونينے پيٹ بھرينے لذّة اٹھاوتا اٹھاوتا چٹ كري گيا۔ حالانكه تمھارا اٰس پاس فلاں۔فلاں روزه دار ھتا، بھوكا ھتا انے تميں اھنے گوشت ماں سي كئي پن اٰپو نھيں۔' خدا تعالىٰ ني اٰ تنبيه سي مولانا يعقوبؑ هشيار تھئي گيا انے خدا سي توبة كيدي۔ اٰ ج طرح خدا تعالىٰ پوتانا أنبياء نو بھاري ما بھاري إمتحان لے چھے جه سي خلق سبق لئي سكے۔

### બક્કાઊન - ઘણા રોનારાઓ

પાઁચ સાહબો બક્કાઊન - ઘણા આહોઝારી કરનાર, રોનાર, આઁસૂને જારી કરનાર થયા છે. તેમાંથી પહેલા મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) છે, જેનું બૈતુલ હુઝન - રોવાનો મકામ અને અલ્લાહથી રહેમત તલબ કરવાની જગા - મક્કતુલ મુકર્રમહ છે. બીજા મૌ. યાઅકૂબ બિન મૌ. ઈસ્હાક (અ.સ.) છે, જેનું બૈતુલ હુઝન રમલહ છે. તીસરા મૌ. યૂસુફ બિન મૌ. યાઅકૂબ (અ.સ.) છે, જેનું બૈતુલ હુઝન મિસિરનું કૈદખાનું છે.ચોથા સૈયેદતો નિસાઈલ આલમીન મૌ. ફાતેમા ઝહરા (અ.સ.) છે, જેનું બૈતુલ હુઝન કબરે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને કરીબ મદીનતુલ મુનવ્વરહમાં છે. પાઁચમાં રોનાર તીસરા ઈમામે ફાતેમી સૈયેદુર રાકેઈના વસ સાજેદીન મૌ. અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) છે, જેનું બૈતુલ હુઝન બૈતુલ હુસૈન (અ.સ.) યાઅની ઈમામ હુસૈન (અ.સ.) ની દેવડી મુબારક મદીનતુલ મુનવ્વરહમાં છે.

મૌ. યાઅકૂબ આપના લખ્તે જિગર મૌ. યૂસુફની જુદાઈમાં એટલી હદ તક રોયા કે, આપની બેવે આઁખોં સફેદ થઈ ગઈ. મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, જે વક્ત મૌ. યૂસુફના ભાઈ બિન્યામીનથી પણ મૌ. યાઅકૂબની ફિરાકી થઈ તે વક્ત આપે દોઆ કીધી કે, અય મારા પરવરદિગાર! શું તું મારા ઉપર રહેમત નહીં કરે, યહાઁ તક કે તુંએ મારી બેવે

(બકીયાહ પેજ નં. ૧૦ પર)

**કાફિરોં વાસ્તે હક્કને પહેચાનવું એટલું જ દુશ્વાર છે કે જેમ એક શરાબી ખુદના ઘરને પહેચાનતો નથી.**

## શોહદાએ કરબલા

અખ્બારના કિતાબોંમાં બયાન છે કે, જે વક્ત મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) ના મુકાબલા પર યઝીદ પલીદનું લશ્કર આવું અને આપના ઉપર પાની બંધ કીધું, તે વક્ત ઈમામ આલી મકામે પૂછાવું કે, તમેં મારાથી શું ચાહો છો? શું કામ મારા વાસ્તે તમેં પાની બંધ કીધું છે? લઈનોં બોલી ઉઠા કે, અય હુસૈન! હમને આપથી એટલી જ ગરઝ છે કે, આપ યઝીદને બયઅત આપો, નહીં તો હમેં આપને શહીદ કરવા ચાહીએ છીએ. આપને ભુખા અને પ્યાસા શહીદ કરીએ. મૌલા હુસૈને ફરમાવું કે, શું કામ તમેં મને કત્લ કરીને તમારી દુનિયા-આખેરતને બરબાદ કરવા પર તૈયાર થયા છો? લઈનોં કહેવા લાગા કે, તમેં કૂફાના લોગોમાં ફિત્નો-ફસાદ કરવા આવા છો. આપ મૌલા ફરમાવવા લાગા કે, તમેં લોગોએ મને કાગઝો લખા તો હું યહાઁ આવો છું. તમેં લખું કે, અય હમારા ઈમામ, અહલે બૈત (અ.સ.) ના ખિતાબ, આપ કૂફા તશરીફ લાવીએ, હમને હિદાયત દઈએ, તે તમારા કાગઝોં મારા પાસે મૌજૂદ છે. સઘલા લઈનોં મકરો દગાથી ભરેલા હતા, કહેવા લાગા કે, હમેં આપને બોલાવા નથી. હમેં આપને કાગઝો લખા નથી. તે વક્ત આપ મૌલા સમઝી ગયા કે **તમામે ગદ્દારીનો લિબાસ પહેરી લીધો છે અને દુનિયાને ખરીદવા ઈમાનને વહેચી લીધું છે.** આપ મૌલા ફરમાવવા લાગા કે, ખૈર! તમેં ના કહો છો તો મને મારા હાલ પર છોડી દો, હું પાછો મદીના ચાલો જાઉં છું.

લઈનોં ઝોર-ઝોરથી બકવા લાગા કે, હવે આપનું જાવું દુશ્વાર છે. યહાઁ આપની આખિરી મંઝિલ છે અને હમેં યહાઁથી આપને કોઈ જગા જાવા દઈશું નહીં. બલકે, આપ આપનો જાન હમને સોંપી દો. જેથી ઊબૈદિલ્લાહ ઈબ્ને ઝિયાદને આપનું સર સોંપીને હમેં જલ્દીથી હમારા ગરઝ તક પહોંચી શકીએ. આપ મૌલા લઈનોંના આ નાપાક કલામ સાંભલીને ખૂબ ગમગીન થયા, પણ સાથે આપે ઈન્તેહા દરજાની હુજ્જત કીધી અને ફરમાવવા લાગા કે, આ હુસૈન જાન આપી દેશે પણ વલદુઝિઝના-બદકારીના બચ્ચાના હુકમના ઝૈર તાબેઅ નહી થાય.

રિવાયત કરનાર બયાન કરે છે કે, તે બાદ મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) એ આપના અસ્હાબે વફાદારને જમાઅ કીધા અને ખુત્બએ બલીગહ પઢો. પહેલામાં પહેલો અલ્લાહતઆલાનો હમ્દ કીધો, નાનાજી સાહેબ મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) પર સલવાત પઢી તે બાદ નબી સાહેબ સાથે આપની કરાબત-નઝદીકીની ફઝીલતની ઝિક્ર કીધી. તે બાદ આપ મૌલાએ ફરમાવું કે, અય મારા અસ્હાબે વફાદાર! જે ચીઝ મારા ઉપર ગુઝરી રહી છે, તે તમેં જાણો છો. તમારા પર એ હકીકત રોશન થઈ ગઈ છે કે, દુનિયાથી મોહબ્બત કરનારાની કૈફીયત કેવી હોય છે, અલ્લાહના ઔલિયા દુનિયાના તલબગારોં પર હમેશા લાઅનત બોલે છે. દુનિયા બેવફા છે અને લોગોને દગા અને ધોકામાં નાંખે છે. **અય અસ્હાબ! તમેં હુશિયાર થાવ, હક્કને કુબૂલ કરો અને બાતિલથી અલ્લાહની પનાહ ચાહો.** હું જોઉં છું કે, તમેં અલ્લાહતઆલાથી મિલવા મુશ્તાક છો, પણ આ મુલાકાત મૌત સિવાય મુમ્કિન નથી. તમેં મારા મુમેનીન છો અને મૌતમાં જ તમારા વાસ્તે નૈકબખ્તી છે, સઆદત છે. બેઈઝઝતીથી જીવવા કરતા હક્ક પર મરવું અફઝલ છે અને ઝાલેમીન સાથે મરવું હલાકી છે, જાનની ખરાબી છે. અય મારા શીઆઓ, જાઁનિસારોં! આ સઘલા લઈનોંને મારા સાથે કામ છે, તેઓ મને તલબ કરે છે. તેઓ મારા ગૈરને તલબ નથી કરતા યાઅની આ તમામ અમરનો હું તન્હા ઝિમ્મેદાર છું. તમારાથી આ લઈનોંનો કોઈ વાસ્તો નથી. મને હવે યકીન છે કે, મારી શહાદત કરીબ છે અને તેને હાસિલ કીધા બગૈર મારો મકસદ બર નહીં આવે. લેહાઝા, અય મારા રફીકોં! હું તમને રઝા આપું છું કે તમેં રાતના અંધારામાં આ ખૈમા માંથી ચાલા જાવ, કોઈ શરમ ન રાખો, તમેં તમારા અહલો ઔલાદને જઈ મિલો. આ હુસૈન, કોઈ શિકવા કરશે નહી, બલકે તમારા હક્કમાં દોઆ કરશે.

રિવાયતમાં છે કે, આકા હુસૈનના આ કલામ સાંભલીને તમામ અસ્હાબ રોવા લાગા, કોઈ પોતાની જગા પરથી ગયું નહીં અને અરઝ કરવા લાગા કે, અય હમારા મૌલા! આપ આ શું ફરમાવો છો? અય આકા આપને આ દશ્તે બલામાં તન્હા છોડીને હમેં કહાઁ જઈએ! આપના નાના મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ને મહેશરના દિન હમેં શું મૂઁહ બતાવીશું! અય હમારા

(બકીયાહ પેજ નં. ૧૦ પર)

**હક્કના મુમેનીન આ દુનિયામાં એવા છે કે, જે મુજબ કાલી રાતમાં કાલા આસમાન પર સિતારા ચમકે છે.**

(પેજ નં. ૯ નું બાકી)

ઈમામ, હમેં આપથી હરગિઝ જુદા થાનાર નથી પણ હમારા જાનોંને આપના ઉપર કુરબાન કરીશું. હમારા સરને આપના કદમ મુબારકના નીચે કટાવી દઈશું. આપના સામને શહીદ થઈ જઈશું અને આપની હિફાઝત વાસ્તે એક જાન શું પણ હઝાર જાન કુરબાન કરીને શહાદતના મરતબાને હાસિલ કરીશું.

તે બાદ ઝોહૈર બિન અલ-કૈસ ઉઠા અને અરઝ કીધી કે, અય રસૂલુલ્લાહના નવાસા! આપને આ ઝુલ્મના જંગલમાં મુકીને કહાઁ જઈએ! પૂછનાર હમને પૂછશે કે, તમારા ઈમામને તમે કહાઁ પર મુકીને આવા? તે વક્ત હમેં શું જવાબ દઈશું. યૌમે કિયામત આપના નાનાજી સાહેબ, આપના બાવાજી સાહેબ, આપના માઁ સાહેબા અને ભાઈ હસન ઈમામની કયા ચહેરે મુલાકાત કરીશું! અય ઈમામ આલી મકામ, આપના દુશ્મનોંથી યહાઁ તક મેં લડું કે મારી જાનને આપના ઉપર ફિદા કરૂં. તે બાદ અલ્લાહતઆલા પાછો મને ઝિંદા કરે અને આપના દુશ્મનોંથી ખૂબ જંગ કરૂં કે, આપની હાઝરીમાં પાછો શહીદ થાઉં. **આ મિસિલ ૭૦ વાર બલકે ૧૦૦૦ વાર આપના ઉપર ફિદા થાઉં**, આપના કદમ મુબારક પર મારા સરને નિસાર કરૂં, તો પણ આપની ગુલામીના હક્કને હું અદા ન કરી શકું.

રિવાયતમાં છે કે, મૌ. ઈમામ હુસૈન (અ.સ.) અસ્હાબે વફાદારના આ કલામ સાંભળીને ઘણા ખુશ થયા, તમામના હક્કમાં આપે દોઆ ફરમાવી. તે બાદ યૌમે આશૂરા સઘલા આકા હુસૈનના દુશ્મનોં પર સખ્ત થયા, જેહાદે અઝીમ કીધી. કેમકે ઈમામે હક્કના દુશ્મનોંથી જેહાદ કરવું ફરઝ હતું, તે ફરીઝતને અદા કીધું. દુનિયાને વહેંચીને આખેરતની આઅલા નેઅમત ખરીદી લીધી. પોતાના જિસ્મોંને ખૂનમાં તર-બ-તર કરીને મરતબતે શહાદત હાસિલ કીધો. અલ્લાહતઆલા અને પંજતન પાક (અ.સ.) ને ખુશ કીધા. અજબ તે સઘલાની શાન, સઆદત અને ઈકબાલ કે બેવે જહાનમાં તેઓના નામ રોશન થઈ ગયા. હુસૈની ચાંદને નઝદીક ચમકતા સિતારાઓનો મકામ પાયો. કિયામતના દિન તક તેઓની શહાદતની દાસ્તાનની ઝિક્ર બાકી રહેશે. લોગો કુરબાની અને ફિદાગીરીની મિસાલ આ અન્સારે હુસૈન (અ.સ.) થી આપશે. મૌ. હુર બિન યઝીદ (રિ.અ.) ની મિસિલ , મૌ. ઝોહૈર બિન અલ-કૈસ (રિ.અ.) ની મિસિલ, મૌ. હબીબ ઈબ્ને મઝાહિર (રિ.અ.) ની મિસિલ, મૌ. મુસ્લિમ બિન અકીલ (રિ.અ.) ના ફરઝંદોની મિસિલ, એક બાદ એક આકા હુસૈનની રઝા લઈને જેહાદ કરવા નિકલતા ગયા, યહાઁ તક કે તમામ પોતાના ઈમામના નામ પર શહીદ થઈ ગયા. કોઈ બાકી ન રહ્યું. તમામ અલ્લાહતઆલાની રાહમાં કામ આવી ગયા. અલ્લાહતઆલાની રહેમત અને બરકાત તે સઘલા શોહદા ઉપર અને લાઅનતુલ્લાહ તે સઘલાના કાતિલોં અને યઝીદ પલીદ ઉપર. ✩

---

(પેજ નં. ૮ નું બાકી)

આઁખો પણ લઈ લીધી! અય મારા ખુદા, હદ તો તે છે કે મારા બેવે નૂરે ચશ્મ, બે દિકરાને પણ મારાથી દૂર કરી દીધા. તે વક્ત ખુદાતઆલાએ વહ્ય કીધી કે, "અય યાઅકૂબ! અગર તે બેવેને મારી પણ નાંખા હશે તો પણ એને ઝિંદા કરીશ અને તમારાથી મિલાવી દઈશ. પણ તે બકરાને તો યાદ કરો કે, જેને તમેં ઝબહ કરીને ભૂનીને પેટ ભરીને લઝ્ઝત ઉઠાવતા ઉઠાવતા ચટ કરી ગયા. હાલાંકે, તમારા આસપાસ ફલાઁ-ફલાઁ રોઝાદાર હતા, ભૂખા હતા અને તમેં એને ગોશ્ત માંથી કઈ પણ આપું નહીં." ખુદાતઆલાની આ તન્બીહથી મૌ. યાઅકૂબ હુશિયાર થઈ ગયા અને ખુદાની તૌબા કીધી. આ જ તરહ ખુદાતઆલા પોતાના અંબિયાનો ભારીમાં ભારી ઈમ્તેહાન લે છે, જેથી ખલ્ક સબક લઈ શકે.

**મુશ્કિલ અલ્ફાઝ :**

(૧) જારી કરવું - નિકાલવું, વહાવવું
(૨) દેવડી મુબારક - સાહબે દાઅવતની રેહાઈશગાહ
(૩) લખ્તે જિગર - પ્યારા, મહેબૂબ
(૪) ફિરાકી - જુદાઈ
(૫) નૂરે ચશ્મ - આંખોની રોશની
(૬) તન્બીહ - ચેતવણી, તાકીદ
(૭) ખલ્ક - દુનિયાના લોગો
(૮) સબક - ઈબરત, શીખામણ. ✩

**પૈગામે હુસૈની એ છે કે, જો તમેં હક્કની ઝિક્ર કરા કરશો તો હક્કના ઝરીએ લોગો તમારી ઝિક્ર કરા કરશે.**

## નૌહા : મૌલાના અબુલ ફઝલ અબ્બાસ અલમદાર (અ.સ.)

અબ્બાસ કે લાશે પે યે ફરમાતે થે સરવર, અય જાને બિરાદર,
ઉઠકર કરો તાઅઝીમ ખડે રોતે હૈં સરવર, અય જાને બિરાદર.

તૂટી હે કમર ઔર કલેજા મેરા શક હે, ઝહરા કો કલક હે,
હમ કો તેરા ગમ હે યે ફુગાઁ કરતે હૈં જાઅફર, અય જાને બિરાદર.

પાની સે ભરી મશ્ક ઔર ઉસ પર લગે હે તીર, યે પ્યાસોં કી તકદીર,
બચ્ચેં ખડેં હૈં જાન બકફ ખૈમે કે દર પર, અય જાને બિરાદર.

રોતી હે સકીના કે ચલી જાન ચચાજાન, જલ્દ આઓ મૈં કુરબાન,
ક્યા કેહ કે મૈં સમઝાઉં નિહાયત હે વો મુઝતર, અય જાને બિરાદર.

પ્યાસે રહે પ્યાસોં કે લિયે જાન ગવાઈ, છોડી ન તરાઈ,
લાખોં સે લડા નહેર પે તું શૈરે દિલાવર, અય જાને બિરાદર.

સક્કાઈ ભી કી ઔર અલમદારી ભી કી વાહ, અય જાને યદુલ્લાહ,
અય તાબએ ફરમાઁ મેરે અય મેરે ગઝનફર, અય જાને બિરાદર.

અબ કૌન મેરે બદલે લઈનોં સે લડેગા, કોઈ નહીં ઐસા,
મઝલૂમ કા અબ હલક હે ઔર શિમ્ર કા ખંજર, અય જાને બિરાદર.

ખૈમે કા મેરે કૌન નિગેહબાન રહેગા, ઔર ગિર્દ ફિરેગા,
સૈદાનીયોં કો ઘર સે નિકાલેંગે સિતમગાર, અય જાને બિરાદર. ✫

## " ઝિક્રે ગમે હુસૈન મેં રોના ઝરૂર હે "

જન્નત કી હે તલબ તો મજલિસ મેં આકે બૈઠ,
રબ કી ખુશી મનાને કો આંસૂ બહા કે બૈઠ,
રોતા નહીં હુસૈન કે ગમ મેં યે હૈફ હે,
કરબો બલા કે નકશ કો દિલ પે જમાકે બૈઠ.

ઝિક્રે ગમે હુસૈન મેં રોના ઝરૂર હે,
માતમ મેં હાઁ યે જાન કો ખોના ઝરૂર હે,
ગાફિલ ન ઝોંકે ખા યે હે મજલિસ હુસૈન કી,
આખિર કો કબ્ર મેં તુઝે સોના ઝરૂર હે. ✫

## ઝિક્ર પુર-સૌઝ મૌલાતોના ફાતેમા સુગરા, નૂરે ચશ્મે સૈયેદુશ શોહદા (અ.સ.)

-: બંદ :-

ગમે પિદર મેં જો સુગરા નહીફો ઝાર હુઈ,
હુવા જો શાહ કો અરસા તો બેકરાર હુઈ,
બસ એક ઝુલ્મ કી બરછી જિગર કે પાર હુઈ,
બઢા જો રંજો અલમ, ચશ્મ અશ્કબાર હુઈ,
અકેલા છોડકે મુઝકો ચલે ગયે બાબા,
હઝાર હૈફ ન બેટી કો લે ગયે બાબા.

------------

-: નૌહાએ પુર-ગમ :-

કહેતી થી રોકે ફાતેમા સુગરા અબ આઈયે,
દિલ ઢુંઢતા હે આપકો બાબા અબ આઈયે.
મૈં જાઁ-બ-લબ હું આપકે ગમ મેં ખુદા-ગવાહ,
અલ્લાહ રખ્ખે આપકો ઝિંદા અબ આઈયે.
બાબા હે મેરે જીનેકી અબ દો હી સૂરતેં,
બુલવાઈયે કિસીસે મુઝે યા અબ આઈયે.
ગર હો ગઈ હે મુઝસે ખતા બખ્શ દીજીયે,
અય મેરે રહેમ દિલ શહેવાલા અબ આઈયે.
હસરત બરસ રહી હે મઝારે બતૂલ પર,
સૂના હે નાનાજાન કા રોઝા અબ આઈયે.
દિલ બેકરાર રહેતા હે બહેનોં કી હિજ્ર મેં,
યાદ આતી હૈં સકીનાઓ કુબ્રા અબ આઈયે.
હમ શિકલે મુસ્તફા કી હે શાદી કી આરઝૂ,
હસરત હે દેખું ભાઈ કા સહેરા અબ આઈયે.
જિસ વકત યાદ કરતી હું ગુરબત કો આપકી,
આતા હે ગમ સે મૂઁહ કો કલેજા અબ આઈયે.
દિન ભર તડપતી હું રોતી હું રાત ભર,
રોને સે ભી સુકું નહીં મિલતા અબ આઈયે.
સદમોં સે હો ગઈ હું મૈં ઈસ દરજા નાતવાં,
બિસ્તર સે ભી ઉઠા નહીં જાતા અબ આઈયે.
બાબા કરીબે મર્ગ હે સુગરા બસ આપકી,
હોઠોં પે દમ હે મેરે મસીહા અબ આઈયે.
ખુદ અપની ઝિંદગી સે મુઝે હો ગઈ હે યાસ,
તાખીર કીજીયે ન ખુદારા અબ આઈયે.
અલવી યે કહેતે કહેતે વો બીમાર મર ગઈ,
બાબા અબ આઈયે, મેરે બાબા અબ આઈયે. ✫

**હક્ક સાથે સરબલંદી છે અને બાતિલ સાથે સરકશી છે.**

## સલામ

ઝમીને કરબલા મેં આયે થે વો મુરતઝા વાલે,
ખુદા કે શુક્રવાલે, સબ્રવાલે, મુદ્દોઆ વાલે.
નબીવાલે, અલીવાલે, શિફ્ફાવાલે, દોઆવાલે,
હે હક્ક કી બાત કહેલાતેં હૈં યે ખાકે શિફ્ફાવાલે.
ગલા થા કટ રહા સજદે મેં રબ કે ઝુક ગયે શબ્બીર,
ખુદા કો કર ગયે રાઝી મોહંમદ મુસ્તફ્ફાવાલે.
કિયા ઈમાન કો ઝિંદા હુએ ઈબ્ને અલી કુરબાઁ,
યઝીદે બદ કહાઁ હે, હૈં અમર યે કરબલાવાલે.
હઝારોં તીર બરસાતેં થે એક હક્ક કે વલી પર જબ,
રહે સાબિત કદમ યે દેખલો આલે અબાવાલે.
નબી કે દીન કા ડંકા બજાયા અય હુસૈન આકા,
તુમહી હો પંજતન કે પાઁચવે હક્ક કી ઝિયા વાલે.
હદીસે મુસ્તુફ્ફા સુનીએ જવાઁ જન્નત કે હૈં શબ્બીર,
યે હૈં શમ્સુઝ્ઝોહાવાલે યે હૈં બદરૂદ્દોજાવાલે.
નબી નાના અલી બાબા હસન ભાઈ હે ક્યા કહેના,
ઝમાના માનતા હે કહેતા હે ખૈરૂન્નિસાવાલે.
કટા કર સર લુટા કર ઘર યઝીદીયત કો ઠુકરા કર,
કેયામત તક હે ઝિંદા દેખો યે નૂરે ખુદાવાલે.
અય ઝાકિર જાબજા શબ્બીર કી યૂં બઝ્મ હોતી હે,
અમર યે હો ગયે કહેલાતે હૈં યે કરબલાવાલે. ☆

**ઈમામ (અ.સ.) ફરમાવે છે કે, જે કોઈ શખ્સ અમારાથી ઝઘડો ઝાહિર કરે તે અમારા વાસ્તે ઝિયાદહ નુકસાનદેહ નથી, તે શખ્સ કરતા કે, જે અમારા નામથી એવી વાત કહે કે, જેને અમેં નાપસંદ કરતા હોય. જો અગર તેઓ એવી વાત કહેતા કે, જે મેં કહેલી છે તો હું તેઓના એ કૌલથી બેફિકર છું અને તેઓ મારા સાચા તાબેદારો છે. ☆**

## વુઝૂના અરકાનની DVD

વુઝૂ નમાઝ વાસ્તે પહેલી ડગર છે. વુઝૂથી જ પાકીઝગી મુકમ્મલ થાય છે. ગુસ્લ કરવાની પહેલી શરત વુઝૂ છે. હર ચીઝની ઈબ્તેદા વુઝૂથી થાય છે. મુમેનીનની ઈમાની ઝિંદગીનો આ એક અહમ હિસ્સો હોય, મરકઝે દાઅવતે શરીફહ તરફથી આ સાલ શહરૂલ્લાહિલ હરામમાં વુઝૂના અરકાનની **DVD** શાયેઅ કરવામાં આવી છે. જેમાં વુઝૂને લગતું તફસીલી બયાન છે, વુઝૂના અરકાન સાથે દોઆઓ અને તેનો તરજુમો, વુઝૂમાં જાઈઝ-નાજાઈઝ શામિલ છે. આ **DVD** ગુજરાતી (લેસાને દાઅવત) અને અંગ્રેઝી એમ બેવે ઝબાનમાં છે, જેથી કોલેજમાં જાનાર ફરઝંદો-દુખ્તરોં તેને આસાનીથી સમઝી શકે. હર તબકાના મુમેનીનને પોતાના ઘરમાં આ **DVD** રાખવી ઘણી મુફીદ છે. લેહાઝા, દેવડી મુબારક પરથી દાઅવતના ખુદ્દામ પાસેથી મુમેનીન આ **DVD** હાસિલ કરી શકે છે. ☆

**મૌ. આદમ હક્કના નબી છે, આપની દાઅવત હક્કની જન્નત છે અને આપના શીઆ હક્કના મુમેનીન છે.**

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તારવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★